# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 16-06-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: MONDAY** **National News**

નમસ્કાર,આકાશવાણી,

OPENING SIGNATURE TUNE

સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

## મુખ્ય સમાચાર

(મ્યુઝિક અંડરપ્લે)

1) ક્ષેત્રીય, સુરક્ષા, વ્યાપાર, રોકાણ સહિતના મુદ્દા પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને સાયપ્રસના રાષ્ટ્રપ્રમુખ સાથે ઉચ્ચ-સ્તરીય બેઠક.

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાયપ્રસના સર્વોચ્ચ પુરસ્કારથી સન્માનિત.

3) અમદાવાદ વિમાન દુર્ઘટનાની તપાસ માટે સરકારે રચેલી ઉચ્ચ સ્તરની સમિતિની પહેલી બેઠક આજે નવી દિલ્હીમાં યોજાશે.

4) વિમાન દુર્ઘટનાના 92 મૃતકોના ડી.એન.એ. મેચ; વિજય રૂપાણી સહિતના 47 મૃતદેહો પરિવારજનોને સોંપાયા.

5) ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે આજે ચોથા દિવસે પણ યુદ્ધ યથાવત્.

........................................................................

સમાચારને અંતે

(આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

# PM CYPRUS TALKS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે રાજધાની નિકોસિયામાં સાયપ્રસના રાષ્ટ્રપ્રમુખ નિકોસ ક્રિસ્ટોડોલિડીઝ સાથે મુલાકાત કરી હતી. આ બેઠક અગાઉ નિકોસિયા ખાતે પ્રેસિડેન્શિઅલ પેલેસમાં શ્રી મોદીનું ઔપચારિક સ્વાગત કરાયું. બંને નેતાઓ વચ્ચે શિક્ષણ, ડિજિટલ ભાગીદારી અને પ્રાદેશિક સુરક્ષા સહિત વ્યાપક મુદ્દાઓ પર વિચાર-વિમર્શની સંભાવના છે.

ભારત-યુરોપીયન સંઘ ભાગીદારી અને ભારત-પશ્ચિમ એશિયા-યુરોપ આર્થિક કોરિડોર જેવા વૈશ્વિક ઘટનાક્રમ પર પણ સંવાદ થઈ શકે છે. આજે શ્રી મોદીના સન્માનમાં રાષ્ટ્રપતિ ભવનમાં યોજાયેલા ભોજન સાથે જ પ્રધાનમંત્રી સાયપ્રસ પ્રવાસ પૂર્ણ થશે.

શ્રી મોદી સાયપ્રસથી કેનેડાના કનાનાસ્કિસ જશે, જ્યાં તેઓ પ્રધાનમંત્રી માર્ક કાર્નીના નિમંત્રણ પર જી-7 શિખર સંમેલનમાં ભાગ લેશે. જી-7 શિખર સંમેલન બાદ પ્રધાનમંત્રી મોદી ક્રોએશિયા જશે અને ત્યાંના રાષ્ટ્રપ્રમુખ જોરામ મિલાનોવિક અને પ્રધાનમંત્રી આન્દ્રે પ્લેન્કોવિક સાથે બઠક કરશે.

દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું સાયપ્રસના સર્વોચ્ચ સન્માન ડેકોરેશન ઓફ ધ ગ્રાન્ડ કોસ ઓફ ધ ઓર્ડર ઓફ મકારિયોસ ધ થર્ડથી સન્માન કરવામાં આવ્યું.

(PM : CYPRUS BYTE)

# PM CYPRUS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સાયપ્રસમાં તેમની સત્તાવાર મુલાકાત દરમિયાન લિમાસોલમાં બિઝનેસ રાઉન્ડ ટેબલ બેઠકને સંબોધિત કરી. દરમિયાન તેમણે સાયપ્રસ સાથે આર્થિક સંબંધને ગાઢ બનાવવાની ભારતની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો.

પ્રધાનમંત્રીએ કહ્યું, 23 વર્ષમાં કોઈ ભારતીય પ્રધાનમંત્રી દ્વારા સાયપ્રસની પ્રથમ વ્યાપાર રાઉન્ડટેબલ મુલાકાતની શરૂઆત ભારત આર્થિક જોડાણ પર કેટલું મહત્વ આપે છે તે દર્શાવે છે.

## (બાઈટઃ PM EUROPE GATEWAY)

પ્રધાનમંત્રીએ કહ્યું, ભારત દરિયાઈ અને બંદર વિકાસ, જહાજ નિર્માણ જેવા ક્ષેત્ર પર ધ્યાન કેન્દ્રીત કરી રહ્યું છે અને તેમને પ્રોત્સાહન આપવા નવી નીતિઓ રજૂ કરી રહ્યું છે.

# HOME SECY COMMITTEE MEETING

અમદાવાદ વિમાન દુર્ઘટનાની તપાસ માટે સરકાર દ્વારા તૈયાર કરાયેલી ઉચ્ચ સ્તરની સમિતિની પહેલી બેઠક આજે બપોરે નવી દિલ્હીમાં યોજાશે. કેન્દ્રીય ગૃહ સચિવ આ બેઠકની અધ્યક્ષતા કરશે. સમિતિના સભ્યોમાં નાગરિક ઉડ્ડયન મંત્રાલયના સચિવ, ગૃહ મંત્રાલય અને ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળના વરિષ્ઠ અધિકારી, અમદાવાદ પોલીસ કમિશનર, ભારતીય વાયુ સેનામાં તપાસ અને સુરક્ષા મહાનિદેશક તથા નાગરિક ઉડ્ડયન સુરક્ષા સંસ્થાના મહાનિદેશક સામેલ છે. આ સમિતિ ત્રણ મહિનામાં પોતાનો અહેવાલ સોંપશે.

ભવિષ્યમાં આવી દુર્ઘટનાને રોકવા યોગ્ય સંચાલન પ્રક્રિયા નક્કી કરવા અંગે પણ વિચાર-વિમર્શ થવાની શક્યતા છે. વિમાન દુર્ઘટના તપાસ સંસ્થા પણ આ દુર્ઘટનાની અલગ તપાસ કરી રહ્યું છે. આ તપાસમાં દુર્ઘટનાના ટેક્નિકલ પાસાને ધ્યાનમાં લેવામાં આવી રહ્યા છે.

# PLANE CRASH - DNA SAMPLES

અમદાવાદ વિમાન દુર્ઘટનાના 92 મૃતકોના DNA નમૂના મેચ થયા છે. જ્યારે 47 મૃતદેહ તેમના સ્વજનોને સોંપવામાં આવ્યા છે. ભૂતપૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના દુ:ખદ અવસાન બાદ ગુજરાત સરકારે આજે રાજકીય શોક જાહેર કર્યો છે. જે અંતર્ગત રાજ્યભરની તમામ સરકારી ઇમારતો પર રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરકશે. ગઈકાલે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં DNA મેચિંગ દ્વારા સ્વર્ગસ્થ નેતાના પાર્થિવ દેહની ઓળખ કરવામાં આવી હતી.

# VIJAY RUPANI BODY HANDED OVER TO FAMILY

અમદાવાદમાં બારમી જૂનના રોજ સર્જાયેલી વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનો મૃતદેહ પરિવારને સોપાયો હતો. અમદાવાદ સિવિલ હોસ્પિટલ પરિસરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં વિજય રૂપાણીના પત્ની અંજલી રૂપાણી, તેમના પુત્ર ઋષભ રૂપાણી અને દિકરી રાધિકાને સંપૂર્ણ રાજકિય સંમાન સાથે મૃતદેહ સોંપાયો હતો.

પરિવાર મૃતદેહને લઇને ચાર્ટર પ્લેન દ્વારા રાજકોટ લઇ જવા માટે રવાના થયા હતા. રાજકોટમાં તેમના મૃતદેહને તેમના નિવાસસ્થાને અંતિમ દર્શન માટે મૂકાશે તેમજ અંતિમ સાંજે પાંચ વાગ્યા બાદ તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવશે. ગઇકાલે સાંજે વિજય રૂપાણીના DNA મેચ થયા બાદ આજે તેમનો મૃતદેહ પરિવારને સોંપાયો હતો.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# TURA-BYPASS-DECONGESTION

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે પશ્ચિમ ગારો પર્વતીય વિસ્તારમાં 29 કિલોમીટર લાંબા નવા તુરા બાયપાસના નિર્માણ માટે 951.27 કરોડ રૂપિયાની રકમની મંજૂરી આપી છે.

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ સોશિયલ મીડિયાના માધ્યમથી આ જાહેરાત કરી હતી. આ બાયપાસના નિર્માણથી મેઘાલયના તુરાના શહેરી વિસ્તારોમાં માર્ગ સલામતી અને ટ્રાફિક નિયંત્રણમાં મદદ મળશે.આ બાયપાસ રાષ્ટ્રીય રાજમાર્ગ NH-127Bને NH-217 સાથે જોડશે.

બાંગ્લાદેશ સાથેની આંતરરાષ્ટ્રીય સરહદ પર સ્થિત રાષ્ટ્રીય ધોરીમાર્ગ-217, ગુવાહાટીને દાલુ સાથે જોડે છે. કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે આ બાયપાસ રાષ્ટ્રીય ધોરીમાર્ગ-127B પર સંચોંગગ્રે ગામથી શરૂ થઈ રાષ્ટ્રીય ધોરીમાર્ગ-217 પર જેંગીચાગ્રે ગામ ખાતે સમાપ્ત થશે.

# DHANKAR-PUDUCHERRY

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજે પુંડુચેરીમાં જવાહરલાલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ પોસ્ટગ્રેજ્યુએટ મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ-JIPMER ખાતે 'રાષ્ટ્ર નિર્માણમાં પર્યાવરણીય ટકાઉપણું' ના એક કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે.

શ્રી ધનખડ ત્રણ દિવસની મુલાકાતે ગઇકાલે પુંડુચેરી પહોંચ્યા હતા. ઉપરાષ્ટ્રપતિ વિદ્યાર્થીઓ અને અધ્યાપકો સાથે રાષ્ટ્રીય મહત્વના મુદ્દાઓ પર શૈક્ષણિક સમુદાય સાથે જોડાવાની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરતા એક સત્રમાં પણ ભાગ લેશે.તેઓ "એક પેડ મા કે નામ" અભિયાન હેઠળ એક છોડ રોપશે. તેઓ આવતીકાલે પોંડિચેરી યુનિવર્સિટીની મુલાકાત લેશે.

# YOGA DAY PREPARATIONS

સમગ્ર દેશ આગામી 21મી જૂને 11-મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીની તૈયારીમાં વ્યસ્ત છે. આ વર્ષના આયોજનો માટે યજમાન વિશાખાપટ્ટનમ્ ખાતે આયૂષ મંત્રાલય અને આંધ્રપ્રદેશ સરકારના વરિષ્ઠ અધિકારીઓએ ઉચ્ચ સ્તરની સમીક્ષા કરી અને સ્થળનું નિરીક્ષણ કર્યું.

આયૂષ સચિવ વૈદ્ય રાજેશ કોટેચા અને આંધ્રપ્રદેશના વિશેષ મુખ્ય સચિવ કે. વિજયાનંદે સમીક્ષા કાર્યનું નેતૃત્વ કર્યું. પ્રતિનિધિમંડળે આર.કે. બીચ, ઋષિકોંડા બીચ, આંધ્ર વિશ્વ-વિદ્યાલય અને G.I.T.A.M વિશ્વ-વિદ્યાલય જેવા મુખ્ય સ્થળની મુલાકાત લીધી. આ સ્થળો પર યોગ અને સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજાશે.

સમીક્ષામાં યોગને લઈ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના દ્રષ્ટિકોણને જન આંદોલન બનાવવા અને મોટા પાયે જાહેર ભાગીદારી સુનિશ્ચિત કરવા પર ભાર અપાયો. આંધ્ર પ્રદેશની તૈયારીઓનો આધાર મહત્વાકાંક્ષી 'યોગઆંધ્ર' પહેલ છે, જેનો ઉદ્દેશ બે કરોડથી વધુ લોકોને રોજીંદા જીવનમાં યોગને જોડવાનો છે.

# MAHA- COLLEGE STUDENTS DEATH

ગઈકાલે મહારાષ્ટ્રના મુંબઈ નજીક માથેરાનમાં ચાર્લોટ તળાવમાં ત્રણ વિદ્યાર્થીઓ ડૂબી ગયા હતા. એક સગીર સહિત મૃતક વિદ્યાર્થીઓ નવી મુંબઈના કોપરખૈરાનેના દસ વિદ્યાર્થીઓ સાથે પિકનિક માટે માથેરાન ગયા હતા.

અમારા સંવાદદાતાના અહેવાલ અનુસાર એક વિદ્યાર્થી અકસ્માતે લપસીને તળાવમાં પડી ગયો. તેને બચાવવાના પ્રયાસમાં તેના બે મિત્રો કૂદી પડ્યા હતા પરંતુ તેઓ પણ ઉંડા પાણીમાં ડૂબી ગયા હતા. અન્ય વિદ્યાર્થીઓએ જાણ કરતાં સ્થનિકો અને અધિકારીઓ દોડી આવ્યા હતા અને બચાવ કામગીરી શરૂ કરી હતી. મોડી રાત સુધી ડૂબી ગયેલાઓની શોધખોળ કરવામાં આવી હતી.

# IRAN ISRAEL CONFLICT

ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે આજે ચોથા દિવસે પણ યુદ્ધ યથાવત્ છે. યુદ્ધ રોકવા આંતરરાષ્ટ્રીય સ્તરે થઈ રહેલા પ્રયાસ છતાં બંને પક્ષ એક બીજા પર મિસાઈલથી હુમલો કરી રહ્યા છે. આજે સવારે ઈરાને ઈઝરાયેલના એક તેલ શુદ્ધિકરણ પ્લાન્ટને નિશાન બનાવ્યો અને પાવર ગ્રીડના એક ભાગને નુકસાન પહોંચાડ્યું.

બીજી તરફ, ઈઝરાયેલની સેનાએ જણાવ્યું, તેમના લડાકૂ વિમાનોએ ઈરાની રિવોલ્યૂશનરી ગાર્ડની એક ગુપ્ત શાખા કુદ્સ ફોર્સથી સંબંધિત કમાન્ડ કેન્દ્ર પર હુમલો કર્યો. જેમજેમ હુમલા તીવ્ર બની રહ્યા છે તેમતેમ ઈરાન અને ઈઝરાયેલમાં જાનહાનીની સંખ્યા પણ વધી રહી છે.

ઈઝરાયેલની રાષ્ટ્રીય કટોકટી સેવા મેંગન ડૅવિડ ઍડોમે જણાવ્યું, ઈરાનના હુમલામાં આજે સવારે પેટાહ ટિકવા શહેરમાં ત્રણ લોકો અને બની બ્રેક શહેરમાં એક વ્યક્તિનું મોત થયું છે. સાથે જ ઈઝરાયેલમાં ઈરાનના હુમલામાં મૃત્યુ પામનારા લોકોની સંખ્યા વધીને 20 થઈ છે. જ્યારે 380 લોકો ઈજાગ્રસ્ત થયા છે. બીજી તરફ, ઈઝરાયેલના હુમલામાં અત્યાર સુધી ઈરાનના ઓછામાં ઓછા 224 લોકોના મોત થયા છે અને એક હજાર 200થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે.

# ULTIMATE TABLE TENNIS

અલ્ટિમેટ ટેબલ ટેનિસ સિઝન છ-ના ગ્રાન્ડ ફિનાલેમાં મુંબઈનાં યૂ મુમ્બાએ ગઈકાલે રાત્રે જયપુર પેટ્રિયટ્સને આઠ-ચારથી હરાવીને પહેલી વાર ખિતાબ જીત્યો. લિલિયન બાર્ડેટ અને બર્નડેટ સ્જોક્સની પ્રારંભિક જીત સાથે યૂ મુમ્બાને એક મજબૂત શરૂઆત પ્રાપ્ત થઈ. આ પહેલા સ્જોક્સે આકાશ પાલ સાથે મળી મિક્સ્ડ ડબલ્સમાં ત્રણ શૂન્યથી જીત મેળવી હતી. ત્યારબાદ કિશોર અભિનંદ પીબીએ ચોથી મૅચમાં ભવ્ય વિજય સાથે યૂ મુમ્બાએ ખિતાબ પોતાના નામે કર્યો.

આકાશ પાલ અને બર્નડેટ સ્જોક્સને ફાઈનલ માટે ભારતીય અને વિદેશી ખેલાડી તરીકે પસંદગી થઈ. જ્યારે જીત ચંદ્રાને "શૉટ ઑફ ધ ફાઈનલ"થી સન્માનિત કરાયા.

# ARCHERY-SELECTION

આગામી તીરંદાજી વિશ્વ કપના ચોથા ચરણ અને વર્લ્ડ ચેમ્પિયનશિપની પસંદગી પ્રક્રિયામાં ભારતીય તીરંદાજ અભિષેક વર્મા અને અતનુ દાસને સ્થાન મળ્યું નથી, જ્યારે અન્ય ચાર ખેલાડીઓએ પોતાનું સ્થાન સુરક્ષિત કર્યું. ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારાઓમાં મહારાષ્ટ્રની 15 વર્ષીય ગાથા ખડકે અને શર્વરી શેંડેનો સમાવેશ થાય છે, જેમણે ચાર સભ્યોની મહિલા રિકર્વ ટીમમાં સ્થાન મેળવ્યું છે.

આ ચારેય તીરંદાજો મેડ્રિડમાં યોજાનાર વર્લ્ડ કપના ચોથા ચરણમાં ભાગ લેશે. જોકે, ટોચના ત્રણ ખેલાડીઓ જ ગ્વાંગજુમાં વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ભાગ લેશે.

# IMD - WEATHER

ભારતીય હવામાન વિભાગે દેશના પશ્ચિમ કિનારા પર ભારેથી અતિ ભારે વરસાદને લઇને રેડ એલર્ટની ચેતવણી જાહેર કરી છે. આકાશવાણી સમાચાર સાથે વાત કરતા, હવામાન વિભાગના વરિષ્ઠ વૈજ્ઞાનિક આર.કે. જેનામાનીએ જણાવ્યું કે, આગામી બે દિવસમાં દિલ્હી, હરિયાણા, પંજાબ અને ગુજરાતમાં તોફાની પવન અને વીજળી સાથે વાવાઝોડાની સંભાવના છે. તેમણે ઉમેર્યું કે, દિલ્હી સહિત ઉત્તર પશ્ચિમ ભારતમાં મહત્તમ તાપમાનમાં ગઈકાલે ભારે ઘટાડો થયો છે.

ડૉ. જેનામાનીએ ઉમેર્યું કે, ભારતના કોઈપણ ભાગમાં ચોમાસામાં કોઈ પ્રગતિ થઈ નથી પરંતુ કોંકણ, ગોવા અને દરિયાકાંઠાના કર્ણાટકમાં હજુ પણ ભારેથી અતિ ભારે વરસાદ વરસી રહ્યો છે. તેમણે કહ્યું કે મોટાભાગના શહેરોમાં ગઈકાલે તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસથી નીચે રહ્યું હતું.